GDF-1628-29-30 Seat No.________

# M. A. (Sem. I) Examination

**January - 2016**

## Paper - EC - 104 : Gujarati

**૧. આધુનિક અને અનુઆધુનિક સાહિત્ય *(Option - I)***

**૨. લોકવાઙ્મયની વિભાવના *(Option - II)***

**૩. કોશ વિજ્ઞાન અને સાહિત્યના ઈતિહાસનું લેખન *(Option - III)***

Time : **3** Hours] [Total Marks : **70**

### ૧. આધુનિક અને અનુઆધુનિક સાહિત્ય *(Option - I)*

સૂચના : જમણી બાજુના અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

૧ આધુનિકતાની સંજ્ઞા સ્પષ્ટ કરી તેની મુખ્ય લાક્ષણિકતાઓ જણાવો. ૧૪

અથવા

૧ આધુનિકતાનાં ઉદ્‌ભવબળોની વિગતે ચર્ચા કરો.

૨ આધુનિક્તાની વિવિધ વિચારધારાઓનો પરિચય કરાવો. ૧૪

અથવા

૨ ટૂંકનોંધ લખો : (બન્ને)

(૧) પ્રતીકવાદ

(૨) અસ્તિત્વવાદ

૩ ગુજરાતી સાહિત્યનાં નવલકથા, ટૂંકીવાર્તા અને નાટકનાં સંદર્ભે ૧૪

આધુનિકતાની ચર્ચા કરો.

અથવા

૩ ટૂંકનોંધ લખો :

(૧) પરંપરા અને આધુનિકતા વચ્ચેનો તફાવત

(૨) આધુનિકતા અને અનુઆધુનિકતા વચ્ચેનો સંબંધ-ભેદ.

૪ 'અશ્રુઘર' નવલકથાનું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. ૧૪

અથવા

૪ 'અશ્રુઘર' નવલકથાના આધારે સર્જક રાવજી પટેલના સર્જન ૧૪

વિશેષો મૂલવો.

૫ ટૂંકમાં જવાબ આપો. (ગમે તે સાત) ૧૪

(૧) 'આધુનિક' શબ્દ કઈ ધાતુમાંથી નિષ્પન્ન થયો છે ? તેનો અર્થ

શુદ્ થાય છે ?

(૨) આધુનિકતાનાં ઉદ્ભવબળો કયા કયા હતા ?

(૩) આધુનિકતાનાં ચાર લક્ષણો જણાવો.

(૪) અતિવાસ્તવવાદ માટે અંગ્રેજીમાં કઈ સંજ્ઞા છે ? તેના પુરસ્કર્તા કોણ હતા ?

(૫) ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાના પુરસ્કર્તા કોણ હતા ? તેમની બે કૃતિઓનાં નામ આપો.

(૬) કોઈપણ ત્રણ પાશ્ચાત્ય અસ્તિત્વવાદી સર્જકોનાં નામ લખો.

(૭) લાભશંકર ઠાકર અને ચંદ્રકાન્ત બક્ષીની બે બે નવલકથાનાં નામ આપો.

(૮) કોઈ ચાર અનુઆધુનિક વાર્તાસંગ્રહનાં નામ આપો.

(૯) સર્જક રાવજી પટેલનો જન્મ ક્યાં અને ક્યારે થયો હતો ?

(૧૦) 'અશ્રુઘર' નાં મુખ્ય અને ગૌણપાત્રોનાં નામ જણાવો.

(૧૧) 'અશ્રુઘર' સિવાયની રાવજીની બે કૃતિઓનાં નામ આપો.

(૧૨) 'અશ્રુઘર'નો અર્થ શો થાય છે ?

## ૨. લોકવાઙ્મયની વિભાવના *(Option - II)*

સૂચના : પ્રત્યેક પ્રશ્ન સમાન ગુણનો છે.

૧ લોક (flok) અને વિદ્યા (lore) શબ્દના વિવિધ અર્થ આપી લોકવિદ્યાની વિભાવના સ્પષ્ટ કરો. ૧૪

અથવા

૧ લોકસાહિત્ય એટલે શું ? તે સમજાવી તેની લાક્ષણિકતાઓની ચર્ચા કરો. ૧૪

૨ લોકવાઙ્મયથી ઈતિહાસ અને સમાજશાસ્ત્રની ભિન્નતાઓ ચર્ચો. ૧૪

અથવા

૨ ટૂંકનોંધ લખો : (બંન્ને) ૧૪

(૧) લોકવાઙ્મય અને ભાષાશાસ્ત્ર

(૨) લોકવાઙ્મય અને પુરાવાસ્તુશાસ્ત્ર.

૩ લોકવાઙ્મયનાં પદ્યસ્વરૂપોનો પરિચય આપો. ૧૪

અથવા

૩ લોકગીતની સ્વરૂપગત વિસ્તૃત ચર્ચા કરો. ૧૪

૪ ભવાઈવેશની સ્વરૂપગત ચર્ચા કરો. ૧૪

અથવા

૪ દુહાબદ્ધ પ્રેમકથા (લોકકથા)નું સ્વરૂપ સ્પષ્ટ કરો. ૧૪

૫ ટૂંકમાં ઉત્તર લખો. (કોઈપણ સાત) ૧૪

(૧) લોકવિદ્યામાં કઈ કઈ લોકકળાઓનો સમાવેશ થાય છે ?

(૨) લોકસાહિત્યની બે લાક્ષણિકતાઓ જણાવો.

(૩) શિષ્ટસાહિત્ય કોને કહેવાય ? તેની બે લાક્ષણિકતાઓ નોંધો.

(૪) લોકસાહિત્યની ચર્ચા કરનારા કોઈપણ ત્રણ વિદ્વાનોનાં નામ જણાવો.

(૫) ભાષાશાસ્ત્રની બે વિલક્ષણતાઓ જણાવો.

(૬) ઈતિહાસ એટલે શું? તેનાં બે લક્ષણો જણાવો.

(૭) લોકસાહિત્યનાં અગેય સ્વરૂપો જણાવો.

(૮) દંતકથા એટલે શું ?

(૯) પુરાકથાઓનું વિષયવસ્તુ કયાંથી લેવામાં આવ્યું હોય છે ?

(૧૦) ભવાઈવેશના જનક કોણ હતા ? તેમણે કેટલા ભવાઈવેશો રચ્યા હતા ?

(૧૧) કોઈપણ બે દુહાબદ્ધ પ્રેમકથાઓનાં નામ જણાવો.

(૧૨) ભવાઈવેશના પ્રારંભે કયા પાત્રોનો પ્રવેશ થાય છે ?

## ૩. કોશ વિજ્ઞાન અને સાહિત્યના ઈતિહાસનું લેખન *(Option - III)*

સૂચના : જમણી બાજુના અંક પ્રશ્નના પૂરા ગુણ દર્શાવે છે.

૧ 'કોશવિજ્ઞાન' સંજ્ઞાને સ્પષ્ટ કરી તેની વિભાવના સવિસ્તર સમજાવો. ૧૪

અથવા

૧ કોશરચનાની રીતો અને તેના પ્રકારો વિશે વિગતે ચર્ચા કરો.

૨ કોશમાં સામગ્રીની પસંદગીની પ્રક્રિયા સમજાવી, કોશમાં પ્રયોજાતી પારિભાષિક સંજ્ઞાઓનો પરિચય કરાવો. ૧૪

અથવા

૨ ટૂંકનોંધ લખો : (બંન્ને)

(૧) કોશના વિવિધ ઉપયોગો

(૨) કોશમાંથી માહિતી પ્રાપ્ત કરવાની વિવિધ રીતો.

૩ ગુજરાતીમાં પ્રગટ થયેલા વિવિધ કોશોનો સવિસ્તર પરિચય કરાવો. ૧૪

અથવા

૩ સૂચિગ્રંથ એટલે શું ? તેનો વિગતે પરિચય કરાવો.

૪ ટૂંકનોંધ લખો : (ગમે તે બે) ૧૪

(૧) ઈતિહાસ લેખનના પ્રકારો

(૨) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનું લેખન

(૩) ઈતિહાસ લેખનની વિભાવના

(૪) ઈતિહાસ લેખન : સંજ્ઞા અને અર્થ.

૫ કોઈપણ સાત પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો. ૧૪

(૧) ગુજરાતી ભાષાના પ્રથમ વ્યવસ્થિત કોશનું નામ શું ? તે કોશ કોણે તૈયાર કર્યો હતો ?

(૨) કોશવિજ્ઞાનનું મહત્વ શું છે ?

(૩) ગુજરાતીમાં પ્રગટ થયેલા કોઈપણ ચાર કોશના નામ આપો.

(૪) 'ગુજરાતી વિશ્વકોશ'નું સંપાદન કરતી સંસ્થાનું નામ જણાવી તેના હાલના મુખ્ય સંપાદક કોણ છે ? તે જણાવો.

(૫) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ લખનારા કોઈપણ બે ઈતિહાસ લેખકના નામ જણાવો.

(૬) અર્વાચીન ગુજરાતી સાહિત્યના ઈતિહાસના લેખનમાં કેવા પ્રશ્નો નડે છે ?

(૭) 'ભગવત્ગોમંડળ'ના કેટલા ભાગ છે ? તેના રચયિતાનું નામ જણાવો.

(૮) 'સાર્થ જોડણીકોશ'નું પ્રકાશન કઈ સંસ્થાએ કર્યું છે ?

(૯) અર્વાચીન ગુજરાતી સાહિત્યના કેટલા યુગ વિભાગો છે ? કયા કયા ?

(૧૦) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના મુખ્ય સ્વરૂપો કયા ક્યા છે ?

(૧૧) કોશમાંથી માહિતી પ્રાપ્ત કરવાની કોઈપણ બે રીતોનાં નામ જણાવો.

(૧૨) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઈતિહાસ લેખકે કઈ વાચના અંતિમ અને આધારભૂત માનવાની રહેશે ?

---